**મજુર અદાલત, સુરેન્દ્રનગરના પ્રમુખ અધિકારીશ્રી જી.આર.સોની સમક્ષ.**

**રેફ.એલ.સી.એસ નં.૯૩/૨૦૦૫**

**આંક–૬૬**

**(૧) ગુ. પ્રભાભાઈ ખોડાભાઈના**
**વારસો જયાબેન પ્રભુભાઈ અને**
**વિનોદભાઈ પ્રભુભાઈ**
**(૨) શ્રી છનાભાઈ વિઠૂલભાઈ**
**(૩) શ્રી હેમુબેન ભલાભાઈ**
**(૪) શ્રી ચંપાબેન સામતભાઈ**
c/o: હિંમતસિંહ ચૌહાણ
મુ.રતનપર, જિ.સુરેન્દ્રનગર. .................. અરજદારો

**વિરુધ્ધ**

**(૧) જિલ્લા પંચાયત,**
સુરેન્દ્રનગર.
**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી**
પંચાયત (મા.અને મ.)
વિભાગ, સુરેન્દ્રનગર. .................... સામાવાળાઓ

**હાજર રહયાઃ–**

અરજદારો તરફેઃ–વિ.પ્રતિ.શ્રી હિંમતસિંહ ચૌહાણ

સામાવાળા તરફેઃ–વિ.વકિલશ્રી જયેશભાઈ દવે

**-: AWARD :-**

**(૧)** ઉપરોકત પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રીના હુકમ ક્રમાંકઃ કેએચ / એચએસ / એમસી / રેફ / ૬૭ થી ૭૦ / ૨૦૦૫, તા.૨૭–૬–૨૦૦૫ થી અત્રેની અદાલતને ન્યાય નિર્ણય માટે નીચેની અનુસુચિથી મોકલવામાં આવેલ છે.

**–: (૧)શ્રી પ્રભાભાઈ ખોડાભાઈ (૨)શ્રી છનાભાઈ વિઠૂલભાઈ (૩) શ્રી હેમુબેન ભલાભાઈ અને (૪)શ્રી ચંપાબેન સામતભાઈને તા.૨૧–૩–૧૯૮૫ થી તેમના પડેલા દિવસોના પગાર સાથે સળંગ નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?**

(૨) રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે આવ્યા બાદ, અરજદારોને માંગણીનું નિવેદન રજુ કરવા માટે નોટીસ કરતા, અરજદારોએ આંક–૩ અને ૪૨થી, માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જેમાં, અરજદારોએ મુખ્યત્વે એવી વિગત જણાવેલ છે કે, તેઓ સામાવાળા નીચે રોજમદાર મજુર તરીકે ૧૦ વર્ષથી ફરજ બજાવતા હતા અને તેઓની નોકરી સળંગ તથા બિનતુટક તેમજ કાયમી પ્રકારની હતી તેઓને પગાર મહિને લ ઘુતમ વેતન દર મુજબ ચુકવવામાં આવતો હતો. તેમજ તેઓએ સામાવાળામાં એક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધારે ફરજ બજાવેલ છે. તેમ છતા, સામાવાળાએ તા.૨૧–૩–૧૯૮૫ ના રોજથી મૌખિક સુચનાથી કોઈપણ જાતના હકક હીત, નોટીસ, નોટીસ પગાર,બેકારી વળતર, ગ્રેજયુઈટી ચુકવ્યા વિના અને સીનીયોરીટી ધ્યાને લીધા વગર અરજદારોને નોકરીમાથી છુટા કરી દીધેલ છે. અરજદારોને છુટા કરતી વખતે સામાવાળાએ અરજદારોથી જુનીયર કામદારને ચાલુ રાખેલ છે અને તેમની જગ્યાએ નવા કામદારોને કામે રાખેલ છે ત્યારે અરજદારોને બોલાવેલ ન હતી. અરજદારો જે કામ કરતા હતા તે કામ હાલ પણ ચાલુ છે. અરજદારોએ સામાવાળાને વારંવાર મૌખિક રુબરુ ફરી કામે લેવા વિનંતી કરેલ પણ કામે રાખેલ નહી. આ રીતે સામાવાળાએ ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ ૨૫ (એફ)(જી) અને (એચ) નો ભંગ કરેલ છે તેથી સામાવાળાનું અરજદારોને નોકરીમાથી છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવી, પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો સામાવાળાને હુકમ કરવા અરજ કરે છે.

(૩) અરજદારોના માગણીના નિવેદનનો, સામાવાળાએ આંક–૨૨ થી રજુ કરેલ બચાવનામામં મુખ્યત્વે એવો બચાવ લીધેલ છે કે, અરજદારોએ છેલ્લે સને ૧૯૮૫ માં કામગીરી કરેલ હોવાનું જણાવી, રેફરન્સ ૨૦૦૫ મા ઉપસ્થિત કરેલ છે જેને સમય મર્યાદાનો બાદ નડે છે.સામાવાળા ગવર્નમેન્ટ જાહેર સંસ્થા છે. જેમા લોકોની જરુરીયાત સગવડતા અન્વયે સરકારશ્રીની ગ્રાન્ટ આધારિત કામગીરી અન્વયે રસ્તાઓનું રીપેરીગ વિગેરે છુટક કામગીરી કરવામા આવે છે. જે કામગીરી તદન હંગામી અને જરુરીયાત પુરતી જ હોય છે અને જે અનુસાર મૌખિક હુકમથી કામદારને રોકવામાં આવે છે અને કામગીરી પુર્ણ થયે તેઓ આપોઆપ છુટા થાય છે. આવી કામગીરી ૨૪૦ દિવસથી કે કાયમી હોતી નથી કે તેવુ કાયમી સેટ અપ હોતુ નથી. તદન હંગામી ધોરણે કામ કરતા કામદારોનું સીનીયોરીટી લીસ્ટ રાખવામાં આવતુ નથી.

અરજદારોએ જરુરીયાત મુજબ તદન હંગામી ધોરણે કામગીરી કરેલ હોય તેવી કામગીરી અન્વયે તેઓની જગ્યાએ જુનીયર કામદારો રાખવાનો પ્રશ્ન રહેતો નથી. સરકારશ્રીના પરિપત્ર અનુસાર ૧૦/૧૯૮૮ પછી રોજમદારો રોકવા સંપુર્ણપણે પ્રતિબંધ જાહેર કરેલ છે. જેથી નવા રોજમદારો રાખવાનો પ્રશ્ન રહેતો નથી. આવા રોજમદારોને કાયદા અનુસાર કોઈ હકક પ્રાપ્ત થતો ન હોઈ, અને સામાવાળાએ કાયદાની કોઈ પણ જોગવાઈઓનો ભંગ કરેલ ન હોઈ, રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા અરજ કરે છે.

**(૪)** અરજદાર તરફે મૌખિક પુરાવો.

(૧) અરજદાર પ્રભુભાઈ ખોડાભાઈનો મૌખિક પુરાવો. આંક–૮

(૨) અરજદાર છનાભાઈ વિઠ્ઠલભાઈનો મૌખિક પુરાવો. આંક–૯

(૩) અરજદાર ચંપાબેન સામતભાઈનો મૌખિક પુરાવો. આંક–૧૦

ઉપરોકત રીતે અરજદારો તરફે મૌખિક પુરાવા રજુ થયા બાદ, આંક–૨૩ થી સામાવાળા તરફે અરજી રજુ કરી, તેઓનો ઉલટતપાસનો બંધ થયેલ હકક ઓપન કરવા અરજ કરતા, મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ, સામાવાળા જે જે અરજદારને ઉલટતપાસ માટે બોલાવે તેને ઉલટતપાસ લેતા પહેલા, ખર્ચની રકમ રૂા.૨૫૦/– લેખે ચુકવી આપવા હુકમ કરેલ છે. ત્યારબાદ આંક–૪૫ થી તેઓના પ્રતિનિધીએ અધિકારપત્ર પાછુ ખેંચ્યા બાદ, અરજદારોને અનેક તકો મળવા છતા, અરજદારો તેમનો પુરાવો રજુ કરવા માટે હાજર નહી રહેતા, મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ તા.૨–૧–૨૦૧૬ ના રોજ અરજદારના પુરાવાનો હકક બંધ કરેલ છે.

**(૫)** સામાવાળા તરફે મૌખિક પુરાવો.

સામાવાળા તરફે પુરાવાના તબકકે સામાવાળા કે તેમના પ્રતિનિધી અદાલત સમક્ષ હાજર રહી કોઈ મૌખિક પુરાવો રજુ નહી કરતા, સામાવાળાના પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

**(૬)** આ કામે અરજદારો તરફે આંક–૨૪ થી પ્રોડકશન અરજી રજુ કરી, સને ૯૦ થી ૯૫ સુધીના કામદારના હાજરીપત્રકો તથા પગારપત્રકો, કામદારનુ સીનીયોરીટી લીસ્ટ, રોજમદાર કર્મચારીના ભરતીના નિયમો અને હાલ કામ કરતા રોજમદારોની દાખલ તારીખ તથા વિગત, સામાવાળા રજુ કરે તેવો હુકમ કરવા અરજ કરેલ, જે અરજી લગત મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રીએ થાન–વગડીયા રોડના કામ કરતા હતા તેવી અરજદારની રજુઆત

અન્વયે છુટા કર્યાના તુરત  અગાઉના એક વર્ષ દરમ્યાનના સદર રોડ પર કામગીરી કરતા રોજમદારોના પગારપત્રક–હાજરીપત્રક તથા તે સમયનુ સીનીયોરીટી લીસ્ટ સામાવાળાએ રજુ કરવા વિકલ્પે અનઉપલબ્ધિનું  સોગંદનામું રજુ કરવા હુકમ કરેલ છે.

**(૭)** આ કામે દલીલના તબકકે બન્ને પક્ષકારો તરફે તેમના કોઈ પ્રતિનિધી અદાલત સમક્ષ હાજર નહી રહેતા, દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

**(૮)** રેકર્ડ પરનો સમગ્ર પુરાવો તથા બન્ને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ અરજી સાબિત કે નાસાબિત માનવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છેઃ–

(૧) શું અરજદારો પુરવાર કરે છે કે, સામાવાળાએ તેઓને છુટા કર્યાની જણાવેલ તા.૨૧–૩–૧૯૮૫ ના અગાઉના એક વર્ષમા ૨૪૦ દિવસ કે તેનાથી વધારે દિવસો સામાવાળાના કર્મચારી તરીકે કરેલ છે.?

(૨) શું અરજદારો પુરવાર કરે છે કે, સામાવાળાએ તેઓને ૨૧–૩–૧૯૮૫ ના રોજથી  આઈ.ડી.એકટની કલમ ૨૫(એફ)(જી) અને (એચ) નો ભંગ કરીને  ગેરકાયદેસરરીતે છુટા કરેલ છે?

(૩) શું અરજદારો પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે?

(૪) આખરી શું હુકમ?

**(૯)** ઉપરના મુદદાઓનો મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) છેવટના હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**(૧૦)** સદર અરજીના ગુણદોષમા ઉતરતા પહેલા એવી નોંધ કરવી આવશ્યક અને ન્યાયના હિતમાં જણાય છે કે, ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ લોકોના કલ્યાણ માટેનો છે તેથી તેને હળવાશથી લેવો જોઈએ. ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ

૨૫(એફ) નો હેતુ છુટા કરાયેલ કર્મચારીને ઉધોગમાંથી છુટા કરવામા આવે તેના તરતના અગાઉના એક કેલેન્ડર વર્ષમાં સતત ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસ માટે કામ કર્યુ હોય ત્યારે ઉધોગમાં કર્મચારી તરીકે એક વર્ષની નોકરી પુરી કરી હોવાનું માની લેવામાં આવે છે. ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨૫ (બી) હેઠળ કર્મચારી એટલે કે અરજદારને તેને મળવાપાત્ર લાભોથી વંચિત રાખી ન શકાય. ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨૫(એફ) એવા કામદારને જ લાગુ પડે છે કે જેઓ નોકરી આપનારની હેઠળ એક વર્ષથી ઓછા નહી તેટલા સમય માટે સતત નોકરીમાં રહયા હોય. ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨૫(બી) અને ૨૫ (એફ) ની જોગવાઈઓનુ સાથે વાંચન કરતા તે સ્પષ્ટ થાય છે કે, કામદારને છુટા કરવાના કારણે પુનઃસ્થાપનનો હકક ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જયારે તેમને કેલેન્ડર વર્ષમા ૨૪૦ દિવસ સતત કામગીરી કરી હોય. ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૨૫(બી) અને ૨૫ (એચ) કર્મચારીને રીએમ્પ્લોઈમેન્ટનો હકક આપે છે. લેબર કોર્ટ માત્ર રિવિઝન કોર્ટ છે નહી કે અપીલ કોર્ટ અને તેથી સદર કોર્ટ માત્ર રેફરન્સ સાંભળીને પક્ષકારોની તકરારનુ નિરાકરણ લાવી શકે છે. તેથી ઔધોગિક વિવાદ અધિનિયમ.૧૯૪૭ ની કલમ ૧૦(૧) ની જોગવાઈઓ હેઠળ મદદનીશ શ્રમ આયુકત સુરેન્દ્રનગર ધ્વારા સદર અદાલતમાં મોકલેલ છે. તેથી સદર અદાલતે આગળની કાર્યવાહી હાથ ધરી કાર્યવાહી આગળ ધપાવેલ છે.

**<u>મુદદા નં.૧ થી ૩</u>**

મુદદા નં.૧ થી ૩ ના કારણો સંકલિત હોય પુનરાવર્તન ન થાય તેવા હેતુસર, ત્રણેય મુદદાની ચર્ચા સંયુકત રીતે કરવામા આવે છે.

**(૧૧)** હાલના કામે, અરજદારો તરફે તેમના રેફરન્સના હકીકતો પુરવાર કરવાના પ્રયત્નરુપે, અરજદાર પ્રભાભાઈ ખોડાભાઈએ આંક–૮ થી, છનાભાઈ વિઠૂલભાઈએ આંક–૯ થી અને ચંપાબેન સામતભાઈનાએ આંક–૧૦ થી મૌખિક પુરાવાના સોગંદનામાઓ રજુ કર્યા હતા, પરંતુ ત્યારબાદ અરજદારોને અનેક તકો મળવા છતા અને આંક–૪૫ અને ૪૬ થી તા.૨૭–૬–૧૫ ના રોજ, અરજદારોના પ્રતિનિધીએ અધિકાર પત્ર પાછુ ખેંચ્યા બાદ, અરજદારો અદાલત સમક્ષ હાજર થયેલ નહી હોવાથી, આંક–૧ લગતના હુકમથી તા.૨–૧–૨૦૧૬ ના રોજ, અરજદારોના પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.જેથી, અરજદારો,

તેમના માગણીના નિવેદનમા જણાવ્યા મુજબ, તેઓ સામાવાળી સંસ્થામા છેલ્લા ૧૦ વર્ષથી સળંગ અને સતત નોકરી કરતા હતા અને તેઓને સામાવાળાએ તા.૨૧–૩–૧૯૮૫ ના રોજથી, ગેરકાયદેસરરીતે નોકરીમાથી છુટા કરેલાની હકીકત, અનેક તકો મળવા છતા પુરાવો રજુ કરીને પુરવાર કરી શકેલ નથી કે તેઓને કહેવાતી છુટા કર્યાની જણાવેલ તા.૨૧–૩–૧૯૮૫ ના અગાઉના એક વર્ષમા ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાનું પણ પુરવાર કરી શકેલ નથી.

આ કામે, સામાવાળાએ પ્રથમથી જ એવી તકરાર લીધેલ છે કે, અરજદારોએ તેઓને ૧૯ ૮૫ મા છુટા કર્યાનો રેફરન્સ ૨૦૦૫ માં ઉપસ્થિત કરેલ છે અને સામાવાળા એ સરકારી સંસ્થા છે અને સરકારશ્રીની ગ્રાન્ટમાંથી રોડ રીપેરીંગની કામગીરી તદન હંગામી ધોરણે અને જરુરીયાત પુરતી કામદારો પાસેથી લેવામા આવે છે અને કામગીરી પુર્ણ થયા બાદ કામદારો આપોઆપ છુટા થાય છે અને ૧૦/૧૯૮૮ પછી નવા રોજમદારોને રોકવા ઉપર સરકારશ્રીએ પ્રતિબંધ મુકેલ છે. જેથી નવા કોઈ કામદારોને રોકવાનો પ્રશ્ન જ રહેતો નથી.તેથી અરજદારો માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર બનતા ન હોવાનું જણાવી, રેફરન્સ નામંજુર કરવા જણાવે છે.

**(૧૨)** આમ, બન્ને પક્ષકારોની ઉપર મુજબની રજુ હકીકત જોતા, અરજદારોને છુટા કરવામાં આવ્યા તેના તરતના અગાઉના એક કેલેન્ડર વર્ષમા એટલે કે ૧૯૮૪–૧૯૮૫ મા તેઓએ સતત ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસ માટે કામ કરેલ હોવાનુ સાબિત થાય ત્યારબાદ અરજદારો સામાવાળાના ઉધોગમા એક કર્મચારી તરીકે એક વર્ષની નોકરી પુરી કરી હોવાનું માની લેવામા આવે છે. પરંતુ હાલના કેસમા અરજદારોએ સામાવાળાને ત્યાં ૧૯ ૮૪–૧૯૮૫ ના વર્ષના સમય દરમ્યાન સામાવાળાના કામદાર તરીકે કામગીરી કરી હોવાનુ પુરાવો રજુ કરીને સાબિત કરેલ ન હોઈ, અરજદારો ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ કલમ ૨૫ (બી) હેઠળ મળવાપાત્ર લાભ મેળવવા હકકદાર બનતા નથી. તેથી અરજદારોનો કેસ ઔધોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ કલમ ૨૫ (એફ) (જી) કે (એચ) હેઠળ આવતો ન હોઈ સામાવાળાએ કોઈ પણ જોગવાઈઓનો ભંગ કરેલ હોવાનુ સાબિત થતું નથી. અરજદારોની માંગણી જેવી કે પડેલ દિવસોનો પગાર સામાવાળા ચુકવી આપે તેના અનુસંધાને એમ કહી શકાય કે અરજદારોએ સામાવાળાને ત્યાં છુટા થયાની જણાવેલ તા.૨૧–૩–૧૯૮૫ ના અગાઉના એક વર્ષમા ૨૪૦ દિવસથી કામગીરી કરી હોવાનું સાબિત થતુ ન હોઈ,અરજદારો સામાવાળા પાસેથી અરજીમા જણાવ્યા પ્રમાણેની કે અન્ય કોઈ પણ જાતની દાદ મેળવવા માટે હકકદાર બનતા નથી.

તેથી અરજદારોને પડેલા દિવસોની રકમ ચુકવવાના હુકમ સાથે મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવા પાત્ર કેસ ન હોઈ, મુદદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપુ છું.

**(૧૩)** ઉપર કરેલ ચર્ચા, વિચારણા અને અવલોકનના આધારે અરજદારણની સદર અરજી રદ થવા પાત્ર હોઈ ન્યાયના હિતમા છેવટનો હુકમ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

સદર અરજીના અરજદારો, (૧)ગુ. પ્રભાભાઈ ખોડાભાઈના વારસો જયાબેન પ્રભુભાઈ અને વિનોદભાઈ પ્રભુભાઈ (૨)શ્રી છનાભાઈ વિઠૃલભાઈ (૩)શ્રી હેમુબેન ભલાભાઈ(૪)શ્રી ચંપાબેન સામતભાઈનો રેફ. એલ. સી. એસ. નં.૯૩ / ૨૦૦૫ નામંજુર કરવામાં આવે છે.

સદર રેફરન્સનો પોત પોતાનો ખર્ચ પક્ષકારોએ પોતે ભોગવવો.

Surendranagar — G. R. Soni

Date :- 30 -04 - 2018 — GJ-00642, Presiding Officer,

B.B. LAKHTARIA — Labour Court, Surendranagar.